




# મોદી ઉશ્કેરણીજનક ભાષણ આપવા ટેવાયેલા છે : કોંગ્રેસ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીની બિહાર રેલી વખતે હરહંમેશ ઉશ્કેરણીજનક ભાષણો અને જુદ્ધાણાં ફેલાવવા ટેવાયેલા મુખ્યમંત્રીની રેલી વખતે થયેલા બોમ્બ બ્લાસ્ટના મૃતકોના પરિવારની મુલાકાતના બહાને મુખ્યમંત્રી નકલી સંવેદના બતાવવા પહોંચી ગયા છે. ઘરના છોકરી ઘંટી ચોર અને ઉપાધ્યાયને આટો ઉક્તિને સાર્થક કરતાં હોય તે રીતે પોતાના જ પક્ષના પૂર્વ ગૃહમંત્રી હરેન પંડ્યાની રાજકીય હત્યા થઈ ત્યારે મુખ્યમંત્રી મોદી તેમના પત્ની તથા પરિવારને મળવાનું પણ સૌજન્ય દાખવ્યું નહોતું અને ઉલટાનું સ્વ. હરેન પંડ્યાના બેસણામાં ગુજરાતના તથા દેશના તમામ આગેવાનો હાજર હતા ત્યારે મુખ્યમંત્રી સામે શંકાનું તીર તકાયેલું હતું ત્યારે બેસણાં હાજરી આપીએ તો ક્ષોભજનક સ્થિતિમાં ન મુકાવું પડે એટલા માટે તેઓએ બેસણા ના સમયે જ સમાંતર વિધાનસભા ભાજપ પક્ષની મીટીંગ બોલાવીને બેસણાંનો સમય પૂરો થાય ત્યાં સુધી ભાજપના કાર્યકર્તાઓને રોકી રાખ્યા હતા ત્યારે મુખ્યમંત્રીની સંવેદના ક્યા લુપ્ત થઈ હતી ?

## સંસ્કાર ગ્રુપ દ્વારા નવા વર્ષે શુભેચ્છા કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સંસ્કાર ગ્રુપ દ્વારા નવા વર્ષ નિમિત્તે માનનીય મુખ્યમંત્રી તથા રાજયપાલના આર્શીવાદ લેવાના અવસરે સંસ્કાર ગ્રુપના દરેક સભ્યોએ તા. ૪ નવેમ્બરના રોજ સવારે ૬.૪૫ કલાકે સેકટર-૭ના બગીચામાં હાજર રહેવા જણાવામાં આવ્યું છે.

# વનવાસી વૃધ્ધો અને મહિલાઓને મીઠાઇ તેમજ અન્ય જરૂરિયાતની ચીજવસ્તુઓનું વિતરણ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના ગજાનંદ સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકાના ૧૬ ગામોના વૃધ્ધ કાર્ડ ધારકોને દર ૪૫ દિવસે ૩ કિ.ગ્રા. ચોખાનું વિતરણ કરવામાં આવે છે. આ વખતે દિવાળી પર્વ નિમિત્તે વૃદ્ધો અને નિરાધાર મહિલાઓને ચોખા ઉપરાંત મીઠાઈ અને અન્ય જરૂરીયાતની ચીજવસ્તુઓનું વિતરણ કરાયું હતું.

સુનોક અને ખારી ગામની પ્રાથમિક શાળા પાસે ૧૬૦ વૃદ્ધો દર ૪૫ દિવસે નિયમિત ઉપસ્થિત થાય છે. આ બધાને ૩ કિ.ગ્રા. ચોખા, ૨૫૦ ગ્રામ ચોખ્ખા ઘીનો મોહનથાળ, ૨૫૦ ગ્રામ ચવાણુ વગેરેનું વિતરણ આ વખતે કરાયું હતું. આ ઉપરાંત વાંટડા ગામની ૪૦ જેટલી વૃદ્ધ નિરાધાર બહેનોને પણ મીઠાઈ, ચવાણુ, ચોખા, તેલ, ખાંડ, ચા, ત્રણ પ્રકારના કઠોળ, સાબુ, અગરબત્તી, કોપરેલ, મીઠુ તથા દરેક મહિલાને નવી સાડી, લોટ બાંધવાના ત્રાંસ વગેરે જરૂરિયાતની ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## દિવાળીની તમામને શંકરસિંહ દ્વારા શુભેચ્છા

ગુજરાત વિધાનસભાના વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ગુજરાતના તમામ નાગરીકોને તેમજ ભાઈ-બહેનોને દિવાળીની હાર્દિક શુભકામનાઓ પાઠવું છું. ગુજરાત જ એક એવું રાજ્ય છે કે જ્યાં વિક્રમ સંવતથી શરૂ થતા નવા વર્ષની ઉજવણી ધામધૂમથી થતી હોય છે. વિક્રમ સંવત ૨૦૭૦ના નવા વર્ષની સુપ્રભાતે તમામ ગુજરાતવાસીઓ સર્વે ગુજરાતીઓને મારી નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ પાછવું છું. પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયાએ ગુજરાતના ભાઈ-બહેનોને દિવાળી તથા નૂતનવર્ષની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, ગુજરાતના તમામ ભાઈ-બહેનોને સારૂં શિક્ષણ, આરોગ્ય સાથે રોજગારી ઉપલબ્ધ થાય, સર્વ સમાવેક વિકાસના પર છેવાડાના માનવી સુધી પહોંચે ગુજરાતના નાગરીકોનું જીવન સુખમય, આનંદમય રહે તેવી શુભકામના પાઠવીએ છીએ.

## નૂતન વર્ષાભિનંદન

**ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ**

પાટનગરના તમામ નાગરિકોને દિપાવલિની અને નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે. પાટનગરની પ્રજા સુખ, શાંતિ, સમૃધ્ધિના શિખરે પહોંચે અને અહોભાગી બને તેવી અભ્યર્થના.

લવજીભાઈ વાડીઆ, પ્રમુખ
જયોતિન્દ્ર દવે, કાર્યકારી પ્રમુખ
ભાનુપ્રસાદ પુરાણી, ઉપપ્રમુખ
રાજેન્દ્ર પારેખ, ઉપપ્રમુખ
નિરંજન ઓઝા, મહામંત્રી
જે.જે. ત્રિવેદી, મંત્રી
ડાહ્યાભાઈ ગાંધી, મંત્રી
રમણલાલ શ્રીમાળી, સહમંત્રી
સોમાભાઈ પરમાર, સહમંત્રી
હસમુખ ઠાકર, સંગઠન મંત્રી
બિપીન વશી, કોષાધ્યક્ષ

- ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ -
કાર્યાલય : નકુલ, પ્લોટ નં. ૨૮૨/૧, સેકટર-૭-એ, ગાંધીનગર
ફોન-૨૩૨૨૨૬૯૬, ૯૮૨૪૧૭૭૫૪૯

## ટૂંકી મુદતની નિવિદા

વિમાની અને રેલવે ટિકિટના બુકીંગનું કામકાજ કરતી સંસ્થાઓ પાસેથી અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ અને કર્મચારીઓના વિમાની અને રેલવે પ્રવાસના બુકીંગના કામકાજ માટે કમિશનના ભાવપત્રકો મંગાવવામાં આવે છે.

આથી રસ ધરાવતી તમામ સંસ્થાઓને નિવિદા પ્રસિદ્ધ થયાના દિન-૧૦માં અત્રેની કચેરીમાં જરૂરી માહિતી કચેરી કામકાજના સમય દરમિયાન (રજાના દિવસોના સિવાય) રૂબરૂમાં મેળવીને અને અન્ય શરતો અને બોલીઓ સહિત મોકલી આપવા જણાવવામાં આવે છે.

ભાવો સીલબંધ કવરમાં કવર ઉપર 'વિમાની અને રેલવે પ્રવાસ બુકીંગ કમિશન ગુજરાતી પ્રતિષ્ઠાન, બ્લોક નં. ૧૬, ત્રીજો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર, સેક્ટર-૧૧, ગાંધીનગરને નિયત સમયમર્યાદામાં રૂબરૂ, ટપાલ, આંગડીયા મારફતે કચેરી સમય દરમિયાન મળી જાય તે રીતે પહોંચાડવાના રહેશે.વધુ વિગતો માટે ફાઉન્ડેશનની વેબસાઈટ **www.nri.gujarat.gov.in** પર જાણી શકાશે.

**(એન. પી. લવિંગીયા)**
નિયામક
ગુજરાત રાજ્ય બિન-નિવાસી, ગુજરાતી પ્રતિષ્ઠાન, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર
તા. ૧-૧૧-૨૦૧૩
માહિતી/૧૫૮૯/૧૩-૧૪

